નમસ્કાર ગાંધીનગર

પમરાટ

જાતમાંથી કંઇક જાતું હોય છે.
આ બધું ત્યારે લખાતું હોય છે !
- નીતિન વડગામા.

પાથેય

- રમેશ ઠક્કર

ભીતરનો વૈભવ...

'સૌંદર્ય પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે '

આ વાકયની ગહનતા સમજવા જેવી છે.જે વ્યકિત પોતે વિચારોથી સમૃધ્ધ હોય આંતરિક રીતે ભરપૂર હોય એ જ અન્યના આનંદમાં સહભાગી થઈ શકે...મેનેજમેન્ટના નિયમ જેવું તમે જો ઓ.કે. છો તો સામેની વ્યકિત પણ તમને ઓ.કે. જ લાગશે ! બહુ રસપ્રદ વાત છે આ..

આખરે સુંદરતા હોય છે કયાં ? એક રીતે જોઈએ તો એ વ્યકિતની અંદર રહેલો ભાવ છે.આપણે એને શબ્દોમાં બધ્ધ કરવાનો પ્રયત્ન કરતા રહીએ છીએ.જગતમાં પ્રત્યેક પદાર્થ કે પ્રત્યેક વ્યકિત કોઇને કોઇ રીતે આકર્ષક હોય છે.પોતાની રીતે વિશિષ્ટ પણ હોય છે..આપણી દ્રષ્ટિ એમાં મહત્વનો ભાગ ભજવે છે..સુંદરતાનું એવું કોઇ આગવું લેબલ નથી હોતું..હકીકતમાં એ વ્યકિતના સમગ્ર વ્યકિતત્વનો એક હિસ્સો કે સ્વભાવ હોય છે.

આપણી આસપાસ એવા ઘણા માણસો આપણે જોઇએ છીએ જે દેખીતા માપદંડોથી આપણને સુંદર ના લાગે. પણ એમની સાથે રહીએ કે એમના ગાઢ પરિચયમાં આવ્યા પછી આપણને ખબર પડતી હોય છે કે એક અલગ પ્રકારનું આકર્ષણ એમનામાં પડેલું હોય છે.ઘણીવાર વ્યકિતની વાતચીત કરવાની કળા, એના વિચારોનું ઊંડાણ કે જીવન માટેનો એનો સમતોલ અભિગમ એને પસંદગીની વ્યકિત બનાવે છે...

ઈતિહાસ પ્રસિધ્ધ શિક્ષક અને કૂટનીતિજ્ઞ મહા અમાત્ય ચાણક્ય વિશે એવું કહેવાય છે કે બાહય રીતે એ ખાસ કોઇ આકર્ષક ન હતો..એનું નાક લાંબું હતું..ચહેરો મોટો અને માથે ટાલ..કોઇરીતે ગમે નહીં..પરંતું આ બધા વચ્ચે એના વ્યકિતત્વમાં એક એવી આભા હતી કે ભલભલા યોધ્ધાઓ અને રાજનેતાઓ એનાથી અભિભૂત થઈ જતા..એના પરાક્રમ અને કૂનેહ થકી જ આપણને ચંદ્ર ગુપ્ત જેવો ભારતનો પ્રથમ સમ્રાટ આપણને મળ્યો.સુકલકડી શરીરના માલિક મહાત્મા ગાંધી બહાર શારીરિક વૈભવી કદાચ પ્રભાવક ન હતા પણ એમનું મોહક સ્મિત અને દ્રઢ આત્મવિશ્વાસ સામેની વ્યકિતને અભિભૂત કરી જતાં.આમ જોઇએ તો સૌંદર્ય ઘણીવાર ઉપરછલ્લું નહીં પણ માણસના ભીતરમાંથી ટપકતું હોય છે.

સુંદરતા ઘણીવાર સાપેક્ષ પણ હોઇ શકે..રૂપરૂપના અંબાર સમી કોઇ વ્યકિત એના ખરાબ સ્વભાવને કારણે પણ અણગમતી લાગે.કોઇ સફળ લાગતો માણસ તેના અહંકાર કે તોછડાઇના કારણે અપ્રિય થઈ જતો જોવા મળે.ક્યારેક આપણે જેને બહારથી અણગમાથી જોતા હોઇએ એ માણસ એના સદગુણો થકી આપણને ગમી જાય એવું પણ બનતું હોય છે..બાહય રીતે બેહદ સુંદર હોય અને સ્વભાવ થકી પણ એકદમ પ્રભાવિત કરી જાય એવા દુર્લભ લોકો પણ જોવા મળે છે..આમ છતાં જો કહેવું જ હોય તો એટલું ચોકકસ કહી શકાય કે બાહય સુંદરતા થાપ ખવડાવે પરંતું માણસની ભીતરનું સૌંદર્ય કદી નેરાશ કરતું નથી...

યોગી, તમે ગોરખપુર સંભાળો....

તંત્રીસ્થાનેથી...

ઉત્તરપ્રદેશના કટ્ટર હિંદુત્વવાદી નેતા અને ગોરખપીઠના મઠાધીશ અયોધ્યામાંથી ચૂંટણી લડવા સજ્જધજીને તૈયાર બેઠા હતા. એમની હિંદુ યુવા વાહિનીના જુવાનિયા ટુકડીઓ બનાવીને શેરીએ શેરીએ ફરવા પણ લાગ્યા હતા. એક તબક્કે એવો માહોલ સરજાયો હતો કે રામલલાની જન્મભૂમિ જ હવે યોગી આદિત્યનાથની કર્મભૂમિ બની રહેશે. એમણે ફૈઝાબાદ નામ બદલી નાખ્યું હતું, સરયૂ કિનારે ધનુષટંકાર કરતી ભગવાન રામચંદ્રની વિશાળ પ્રતિમા સ્થાપિત કરવાથી લઈ પ્રયાગરાજ જેવા કુંભસ્થળને પણ સનાતની નામ આપી અલ્હાબાદને પડદા પાછળ ધકેલી દીધું હતું. મુગલ સરાઈ સ્ટેશનનું નામ બદલાઈ ગયું હતું. આખુ ઉત્તરપ્રદેશ હિંદુત્વના રંગે રંગાઈ ગયું હતું અને એના મહાનાયક તરીકે ઊપસી રહ્યા હતા યોગી આદિત્યનાથ ! 'ગુજરાતનો નાથ' લખનાર મુનશીના મનમાં ગુજરાતનો સાચો 'નાથ' કોણ હતો ? જયસિંહ દેવ, ત્રિભુવનપાલ કે પછી મુંજાલ મહેતો? આવો જ પ્રશ્ન કંઈક ઉત્તરપ્રદેશ મદે ઊભો થઈ રહ્યો હતો. યોગી અને એમના સમર્થક સાધુસંતો સહિત ઉત્તરપ્રદેશના ઠાકુરો એમ જ માની બેઠા હતા કે હવે યાવચ્ચંદ્ર દિવાકરૌ યોગી આદિત્યનાથનાં તેજ તપતાં રહેશે અને એક દિવસ અયોધ્યાના પ્રહરીની ભૂમિકા નિભાવતાં આ 'મહારાજ' હનુમાન કૂદકો લગાવી દિલ્હી કબજે કરી લેશે. આખરે એમના પર અવધપતિના ચારે હાથ છે ! પરંતુ આ યોજના ભારતીય જનતા પાર્ટીના હાઈકમાંડે હાલ પૂરતી તો ઊંધી વાળી દીધી છે. 'હિંદુ હૃદય સમ્રાટ'ની ઓળખ મેળવવા મેદાને પડેલા ગુજ્જુ પાટીદારનો કયાંય પત્તો મળે છે આજકાલ! એ જ રીતે યોગીની પાંખો પણ કાપીને એમને ગોરખપીઠની ગાદી ભણી પાછા ધકેલી દેવાયા છે. પેલું બિરુદ તો એક જ રાષ્ટ્રીય નેતા માટે અનામત છે. મહારાજ, તમે ધર્માધ્યક્ષ ખરા. એ મુદ્દે પાયલાગણ જરૂર કરી લઈએ. પણ નેતા તો તમે ગોરખપુર પૂરતા. બાકીનું બધું જ લોકો સમજે છે. હિંદુ હૃદય સમ્રાટ પદ માટે ખોટી ઉતાવળ કરશો નહીં. સંકેત આપી દેવાયો છે ! વડાપ્રધાન મોદીના રાજકીય ગણિતને પડકારારો હાલ તો કોઈ પામ્યો નથી. પ્રશાંત કિશોર પણ સમજી વિચારીને ઉત્તર પ્રદેશથી અળઘા રહ્યા છે. સમાજવાદી પાર્ટીનાં જ્ઞાતિવાદી સમીકરણોને ઊંધા વાળવા માટે મોદી પાસે માયાવતી નામનું બ્રહ્માસ્ત્ર છે જ. માયાવતીએ અનેક મુસ્લિમો, બ્રાહ્મણો અને યાદવોને ટિકિટ આપીને મોદીની ચાલ સફળ થાય એવો માર્ગ મોકળો કરી આપ્યો છે. પરંતુ સબૂર. માયાવતી મોદીની મદદ કરી રહ્યા છે, નહીં કે 'મહારાજ'ની. મહારાજને તો એ પણ 'કટ ટુ સાઈઝ' કરવા જ માગતાં હોય. એથી હવે જે કંઈ નવાં સમીકરણ રચાશે એમાં ભારતીય જનતા પાર્ટી માટે વોટ માગશે રામ અને રામના સુવાંગ પ્રતિનિધિ નરેન્દ્ર મોદી. યોગીને તો ભજન જ કરવાનાં છે. યોગીની સાથે જ ઉપમુખ્યમંત્રી કેશવપ્રસાદ મૌર્યને પણ મથુરામાં કૃષ્ણ જન્મભૂમિના નામે ખેલ પાડતાં અટકાવયાં છે. એ મુદ્દો પણ કયારેક ચલણમાં મૂકવો હશે તો વારાણસીની જેમ મોદીના વરસ હસ્તે જ મુકાશે ! પાર્ટીમાં જ પોતાની સમકક્ષ થવા ઝંખના પ્રતિસ્પર્ધીઓથી મુખ્ય અને પ્રસ્થાપિત નેતાએ ચેતતા રહેવું પડે છે. મોદી ગુજરાતમાં હતા ત્યારે સિદ્ધપુરનાં બૌદ્ધિક નેતાને કટ ટુ સાઈઝ કરીને જંપ્યા હતા. જેણે વાજપેયી, અડવાણી અને જોષીની સિનિયર ત્રિપુટી - પાર્ટીની સંસ્થાપક નેતાગીરીને સુપેરે ઠેકાણે પાડી દીધી હોય એને ગોરખપીઠનો બાવો તો શા હિસાબમાં હોય ! સંઘનું દબાણ ન હોત તો ગંગામાં તરતી લાશોના મુદ્દે જ યોગીને ઘર ભેગા કરી દેવાયા હોત. હવે જયારે સમાજવાદી પાર્ટીના યુવા નેતાએ એક પછી એક વિકેટો ખેરવીને 'મહારાજ'ના ગઢમાં ગાબડાં પાડી દીધા છે ત્યારે હાઈકમાંડ સામે બાંયો ચડાવવાની તો એમનામાં શક્તિ જ કયાં બચી છે?

રાજ્ય સરકારે ફરાર જાહેર કરેલ વ્યક્તિ સંબંધમાં કાયદાકીય સત્તાઓ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમો : ૮૨ થી ૮૬ની જોગવાઈઓ મુજબ રાજ્ય સરકારને અથવા કોઈ અધિકૃત અધિકારીને એમ માનવાને કારણો હોય કે જે વ્યક્તિના કે આરોપીના સંબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યો છે તે વ્યક્તિ ફરાર થઈ ગઈ છે અથવા પોતે એવી રીતે છુપાતી ફરે છે કે તપાસ કરનાર એજન્સીને હાથમાં આવી શકે તેમ નથી તો આવી વ્યક્તિને જ્યાં રહેતી હોય તો સ્થળ ગમે તે હોય તો પણ તેની સામે કરેલો અટકાયત હુકમ સત્તા ધરાવતી કોર્ટે કાઢેલું વોરંટ છે એમ ગણાવામાં આવે છે.

રાજ્ય સરકારે અટકાયતનો હુકમ કર્યો હોય ત્યારે આ અર્થે રાજ્ય સરકારે અધિકૃત કરેલા જીલ્લા મેજીસ્ટ્રેટ અથવા પોલિસ કમિશ્નરના દરજ્જા કરતાં નીચલા દરજ્જાનાં હોય તેવા અધિકારી અથવા યથાપ્રસંગ અધિકારીએ અટકાયત હુકમ કર્યો હોય ત્યારે અધિકૃત અધિકારી તેની સામાન્ય હકૂમત ગમે તે હોય તો પણ એવી વ્યક્તિ માટે અને રાજ્યના કોઈપણ ભાગમાં આવેલી તેની મિલકત જપ્તી તથા વેચાણ માટે જાહેરાત બહાર પાડવા માટે અને સદરહું અધિનિયમની કલમ : ૮૨, ૮૩, ૮૪ અને ૮૫ મુજબ અન્ય કોઈપણ પગલા લેવા માટે સત્તા ધરાવતી કોર્ટની તમામ સત્તાઓ વાપરવાને અધિકૃત છે એમ ગણવામાં આવે છે.

ફરાર આરોપીની જપ્ત થયેલી મિલકત પાછી મેળવવા માટેની અરજી નામંજુર કરતા એવા કોઈ અધિકારીએ કરેલા કોઈ હુકમ સામે અપીલ કરવા માટે સદરહું વ્યક્તિ જ્યાં રહેતી હોય તે સ્થળે હકુમત ધરાવતી સેસન્સ કોર્ટને સદરહું અધિનિયમની કલમ : ૮૬માં ઠરાવ્યા મુજબની કાર્યવાહી કરી શકે છે.રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નિર્દિષ્ટ કરે તેવા સ્થળે અને શિસ્ત જાળવવા અને શિસ્તભંગ માટેની શિક્ષા સંબંધી શરતો સહિતની તેવી શરતો હેઠળ અટકમાં રાખવાને આવી વ્યક્તિ પાત્ર બનશે. આવી વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહી અધિનિયમ, ૧૯૭૩ મુજબ ધરપકડનાં વોરંટની અમલ બજવણી માટે રાજ્યનાં કોઈપણ સ્થળે અટકાયતનાં હુકમની અમલ બજવણી કરી શકશે.

આવી અટકાયત કરાયેલી વ્યક્તિને એક સ્થળેથી બીજા સ્થળે ખસેડવા માટે રાજ્ય સરકારનાં હુકમથી ખસેડી શકાય છે. આવી વ્યક્તિ રાજ્ય બહાર હદની બહાર હોવાનાં કારણે અમાન્ય અથવા વોરંટ બિનઅમલી ગણવામાં આવશે નહી. પ્રાદેશિક અધિકારીની હુકમત તથા હદની બહાર પણ આવી વ્યક્તિની અટકાયત કરી શકાશે. મિલકત જપ્તીની અરજ કલમ : ૮૬ મુજબ જ્યાં હકુમત ધરાવતી હોય ને સેસન્સ કોર્ટે નામંજુર કર્યા બાદ આવી વ્યક્તિ મિલકત પરત મેળવવા હાઈકોર્ટમાં અરજી કરી શકશે. રાજ્ય સરકારને અથવા અધિકૃત અધિકારીને એમ માનવાને કારણ હોય કે જે વ્યક્તિનાં સંબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિ ફરાર થઈ ગઈ છે અથવા પોતે એવી રીતે છૂપાતી ફરે છે જેથી હુકમની અમલ બજવણી કરી શકાય તેમ નથી તો યથાપ્રસંગ રાજ્ય સરકાર અથવા તપાસ અધિકારી રાજ્ય પત્રમાં હુકમ અધિસૂચિત કરીને સદરહું વ્યક્તિને હુકમમાં નિર્દેશ કરવામાં આવે તેવા અધિકારી સમક્ષ અને તેવા સ્થળે અને તેટલી મુદ્દતની અંદર હાજર થવા આદેશ કરી શકે છે. તેમજ ફોજદારી કાયદાના અધિનિયમની કલમ : ૧૬૦ મુજબનું સમન્સ પણ કાઢીને હાજર રહેવા સૂચના આપી શકે છે અને આમ છતાં આવી વ્યક્તિ એવા હુકમનું પાલન ના કરે અને તે એમ પુરવાર કરે કે એવા હુકમનું પાલન કરવાનું તેના માટે શક્ય ન હતું અને હુકમમાં જણાવ્યા પ્રમાણે મુદ્દતની અંદર તેણે હુકમમાં જણાવેલ અધિકારીને જે કારણસર તેનું પાલન કરવાનું અશક્ય બન્યું હોય તે કારણોની અને પોતે ક્યાં છે તેની જાણકારી હતી અથવા એમ પુરવાર કરે કે હુકમમાં જણાવેલા અધિકારીને તેવી રીતે જાણ કરવાનું તેને માટે શક્ય ન હતું તે સિવાય તેને દોષિત ઠરેથી એક વર્ષની મુદ્દત સુધીની કેદ અથવા દંડ અથવા તે બંન્નેની શિક્ષા કરવામાં આવશે. આવો દરેક ગુનો પોલીસ અધિકારનો ગણાશે.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ મુજબ અટકાયતીને અટકાયત હુકમનાં કારણો જે વ્યક્તિની અટકાયત કરી હોય તેને હુકમ કરનાર અધિકારીએ જેમ બને તેમ જલ્દી પરંતુ અટકાયતની તારીખથી સાત દિવસ કરતાં મોડું ના હોય તેટલી મુદ્દતમાં તે હુકમ કયાં કારણોસર કરવામાં આવ્યો છે અને વ્યક્તિની અટકાયત કેમ કરેલ છે તે જણાવવામાં આવે છે. આજ અધિનિયમની કલમ : ૧૦ મુજબ એક યા વધારે સલાહકાર બોર્ડની રચના કરી આવી વ્યક્તિને, કેસ ભારતનાં સંવિધાન મુજબ હાઈકોર્ટનાં ન્યાયાધિશ તરીકે નિમવાની લાયકાત ધરાવતાં વ્યક્તિને સલાહકાર બોર્ડના અધ્યક્ષ તરીકે નિયુક્તી આપવામાં આવે છે અને કલમ : ૧૧ મુજબ બોર્ડને નિર્ણય કરવાની સત્તા આપેલ છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

દિન મહિમા

● બ્લૂ મન ડે : વિવિધ ગણતરીઓના આધારે દર વરષે જાન્યુઆરીનો ત્રીજો સોમવાર એ વર્ષનો સૌથી નિરાશાજનક દિવસ છે. જો કોઈ વ્યક્તિ જાન્યુઆરીના ત્રીજા સોમવારે ઉદાસી, હતાશા અનુભવે છે તો તેનું કારણ છે બ્લૂ મન ડે.

આજનું

ઔષધ

● તુલસીના મૂળનો એક ચમચી ભૂકો એક ગલાસ પાણીમાં નાખી કાઢો કરવો. આ ઉકાળો રોજ તાજો બનાવી સવાર-સાંજ પીવાથી કોઢ, દાદર, ખરજવું મટે છે.

ખડખડાટ

● સવારથી ગાળાગાળી કરતા બંને પાડોશીઓને સતત બે કલાક સમજાવ્યા કે શરીરના ઘા રુઝાઈ જાય છે પણ શબ્દોના ઘા ક્યારેય રૂઝાતા નથી... ત્યારે માંડ માંડ, મારામારી પર આવ્યા... જોયું મારું ટેલેન્ડ...

આજનો

વોટ્સએપ

● જિંદગીમાં ડુંગળી જેવા બનો કોઈ તમારા છોતરા કાઢે તો આંસુ એમની આંખમાં આવવા જોઈએ તમારી આંખમાં નહીં...!

સમજણરુપી બીજ અને સ્નેહરુપી ખાતર હશે તો જ માનવજીવન સંતોષકારક મીઠા ફળોની પ્રાપ્તિ કરી શકશે

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગાઢવી

પ્રાણ એ પ્રથમ ભેટ,
સ્નેહ એ બીજી,
અને સમજણ એ ત્રીજી

મનુષ્ય અવતાર એ માનવીને મળેલી સૌથી વધુ મૂલ્યવાન ભેટ છે અને આ મનુષ્યજીવનમાં પ્રેમનો ઉમેરો થાય ત્યારે એ ખીલી ઊઠે છે. આ પ્રેમ એટલે માત્ર વિજાતીય આકર્ષણ નહિ પરંતુ, જન્મતાવેત મળેલો માતા-પિતાનો પ્રેમ, ભાઈ-ભાઇ અને પરિવારજનોનો સ્નેહ, સગાસંબંધીઓ અને મિત્રોનો સંગ તથા પતિ, પત્ની, બાળકો અને તેમના બાળકો આવા અનેક સંબંધોપી ભેટથી આ માનવજીવનની બાગકયારી આજીવન મધમધથી રહે છે. આ તમામ સ્નેહ સંબંધોના અમુક સંબંધોમાં આપણને કોઈ પ્રયત્ન વિના જ પ્રાપ્ત થયા છે તો કેટલાક પૂર્વજન્મના ઋણાનુબંધથી. સમગ્ર આયખું આવા અનેક સંબંધો અને તેમાં રહેલા પ્રેમથી સદાય ભર્યુંભાદર્યું રહેતું હોય છે. કુટુંબ સંસ્થા બંધાઈ એની પાછળ હજારો વર્ષોની મહાપ્રયત્ન, સતત તપશ્ચર્યા અને કરોડો લોકોનો આપભોગ પડેલાં છે. એક નાનકડું બાળક જન્મ લે છે ત્યારે એક બીજ સમાન હોય છે. બીજને કયાં ખબર હોય છે કે કેટલી ડાળીઓ, કેટલાં પાંદડાં અને કેટલાં ફળ-ફુલ તેનામાં સમાયેલાં છે. તો આ સમગ્ર જીવન અને તેનો વિકાસ અને વૃદ્ધિ અને પ્રેમપૂર્વક તેનું જતન એ બધીય બાબતોમાં મૂળ પાયાની બાબત છે સમજણ.

સમજણ એટલે અંતરની સૂઝ; ''કોઠાસૂઝ'. માણસ ગમે તેટલું ભણે, ગમે તેટલો કેળવાય, પણ જેનામાં સૂઝ નથી, એ માણસ કહેવડાવવાને લાયક નથી. મને કોઈ નોકરી મળશે? મને કોણ કામ આપશે? મારે કયા ક્ષેત્રમાં કામ કરવું? એ બધો વલોપાત છોડીને વ્યક્તિ જો યોગ્યતા વધારે, સુપાત્ર બને, અધ્યયન ગહન બનાવે અને સદાચાર કેળવે તો કામ તેને શોધતું આવશે. કાર્યક્ષેત્ર શોધવાના ફાંફાં મારવાને બદલે ઊંચામાં ઊંચા કાર્યને યોગ્ય થવા પ્રયત્નશીલ રહેવું. આ ઉપરાંત નકામી વસ્તુઓનો ત્યાગ કરવો, એ સિદ્ધાંત જ્ઞાનસંગ્રહમાં પણ જરૂરી છે. પ્રયાસ અને કષ્ટ વગર જીવન દહાડે દહાડે કટાઈ જાય અને અંતે વિકૃત દશાને પામે છે. આપણે બાળકોને સારામાં સારી શાળામાં તો મૂકી દઈએ છીએ પણ સમજણ અને આપસૂઝની તાલીમ તો તેને આસપાસ રહેતા તેની ઉમરના બાળકો સાથે રમવાથી જ મળે છે. આજીવન કોઈ ભૂલ જ ન થાય એવું જીવન જીવવાની અપેક્ષા એ અશક્ય બાબત છે પણ સમજણપૂર્વક ઠોકર ખાધા પછી કઈ રીતે વર્તવું, તેમાંથી શી રીતે બહાર આવવું અને ફરી એ ભૂલ ન થાય તેની સાવચેતી રાખવી એ અગત્યની બાબત છે.

Whats app અને Facebook આવી જતાં આપણું social circle ખૂબ વિસ્તૃત બન્યું છે. સ્કૂલ અને કૉલેજના Group નું ફરીથી મળવું, એકબીજા સાથે ફરીથી મેસેજીસની આપ-લે થવી તેમ જ get together થવા એ તમામ બાબતો Social Media ને કારણે શક્ય બની છે. એક નોંધપાત્ર અને રસપ્રદ બાબત છે કે જયારે તમે વીસ-ત્રીસ વર્ષો બાદ શાળા-કૉલેજના મિત્રોને મળો, ત્યારે કેટલીક આશ્ચર્યજનક બાબતો તમારા ધ્યાનમાં આવે. જેમ કે, જે વિદ્યાર્થીને તમે શાળાજીવન દરમિયાન દરેક પ્રવૃત્તિઓમાં તેમજ અભ્યાસમાં પ્રથમ ક્રમે આવતો જોયો હોય તેના પર સમય અને સંજોગોએ કંઈક એવા પ્રહાર કર્યા હોય કે સાવ સાધારણ જિંદગી જીવતો અને સામાન્ય કારકિર્દી ધરાવનાર બની ગયો હોય. જયારે બીજી તરફ જે સાવ ખૂણામાં બેસીને શાંત અને ચૂપચાપ રહેનાર વિદ્યાર્થી હોય તે Versatile Personality ધરાવનાર સફળ Businessman બની ચૂક્યો અને તેનામાં રહેલ આત્મવિશ્વાસ જોનારની આંખોને આંજી દે તેવો હોય તેમ પણ બને.

વિધાતાના લેખ કે કુદરતની અકળ ગતિને કોઈ પામી શક્યું નથી પરંતુ, જો સમજણપ મહામૂલી મૂડી માનવીને મળેલ હોય તો તેનાથી તે પોતાના આસપાસ સંકળાયેલા સંબંધોને સુંદર ગૂંથણી વડે ગૂંથીને રાખી શકશે તેમ જ સફળતા તેમજ પ્રસન્નતાપૂર્વક જીવન વ્યતીત કરી શકશે. ''સમજણ'' એ કોઈ દુકાનમાં મળતી વસ્તુ નથી કે જેને તમે બજારમાંથી ખરીદી શકો પણ સમજણ એ જીવનની એ મૂડી છે. વ્યક્તિમાં રહેલી ઊંડી સમજણ સામેની વ્યક્તિની બે આંખોમાં ઝાંકીને તેના હૃદય સુધી પહોંચીને તેના દુઃખ, પીડા, તકલીફોને સમજી તેમ જ અનુભવી શકે છે. આપણામાં રહેલી ''સમજણ' તથા આસપાસની સમજદાર વ્યક્તિઓનું મૂલ્ય સમજતા થઈએ એ જ સફળ અને પ્રસન્ન માનવજીવનની ફૂંચી છે. આજના આ Cut Throat compitition ના યુગમાં સમજણરુપી બીજ અને સ્નેહરુપી ખાતર હશે તો જ માનવજીવન સંતોષકારક મીઠા ફળોની પ્રાપ્તિ કરી શકશે.

- nehalgadhavi101@gmail.com

સરકારી અધિકારી જ્યારે અસર-કારી બને : વાત સંવેદનશીલ એચ.બી. વરિયા સાહેબની...

પહેલું કિરણ
રમેશ તન્ના

આઠમી જાન્યુઆરી, ૨૦૨૨, શનિવારના રોજ આઈએએસ (નિવૃત) એચ.બી. વરિયાનું હૃદય રોગના હુમલાથી નિધન થયું. તેઓ સનદી અધિકારી હતી. લોકનિષ્ઠ અને મૂલ્યનિષ્ઠ હતા. તેમણે સત્તાનો સેવા માટે ઉપયોગ કર્યો હતો. તેમની અણધારી વિદાયથી અનેક લોકો શોકાતુર બન્યા તો વરિયા સાહેબે પોતાના જીવનમાં, ઘડતરમાં, પ્રગતિમાં કેટકેટલી મદદ કરી હતી તે સેંકડો લોકોએ યાદ કર્યું.

એક સંવેદનશીલ અધિકારી કેવું સરસ કામ કરી શકે તે વરિયા સાહેબે એકવાર નહીં અનેક વાર સાબિત કર્યું હતું. સનદી અધિકારી છેવટે તો લોકો માટે છે, લોકોની સેવા અને ઉત્થાન માટે છે તે તેમણે સાબિત કર્યું હતું. સાદગી અને નિરાભિમાનપણું તેમના સરળ વ્યક્તિત્વનાં મહત્ત્વનાં વાનાં હતાં. તેમની હાજરી એવી રહેતી, જાણે કે તેમની હાજરી જ નથી. લોકો તેમને નખશિખ પ્રામાણિક અને નિષ્ઠાવાન અધિકારી તરીકે યાદ કરે છે. તેમણે પોતાના જીવનમાં ભગવદ્ ગીતાને વણી લીધી હતી. નિર્લેપભાવે તેમણે લોકોનાં કાર્યો કર્યાં હતાં. ગાંધીનગરમાં ઘરેથી ઓફિસ આવવા અને ઓફિસથી ઘરે જવા માટે સ્કૂટરનો ઉપયોગ જ કરતા. ઓફિસ આવ્યા પછી ઓફિસ કામ માટે લાલલાઈટ વાળી ગાડીનો ઉપયોગ થાય, પણ અંગત કામ માટે સરકારી ગાડીનો ઉપયોગ ન થાય એની તેઓ તકેદારી રાખતા. તેઓ ખાઈમાંથી શિખર પર આવ્યા હતા. પાંચમી ઓગસ્ટ, ૧૯૪૮ના રોજ જામનગરના એક સામાન્ય પ્રજાપતિ પરિવારમાં જન્મ્યા હતા. તેમનું નામ હતું હીરાલાલ. માતાનું નામ પ્રેમકુંવર બહેન અને પિતાનું નામ ભવાનભાઈ વરિયા. તેમણે બાળપણમાં જ પિતાજીની છત્રછાયા ગુમાવી હતી. માતા પ્રેમકુંવરબાએ તેમને કારમી ગરીબીમાં ઉછેરીને મોટા કર્યા હતા. પ્રેમજીભાઈ નડિયાપરા જેવા વડીલ જ્ઞાતિજન અને બંને મોટાભાઈઓના માર્ગદર્શન અને હૂંફથી તેઓ ભણ્યા. વિજ્ઞાન પ્રવાહમાં જઈ શકે તેવી તેમની તેજસ્વીતા હતી. ઈચ્છા પણ હતી, જોકે આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિનયન શાખાના સ્નાતક બન્યા અને સરકારી નોકરી મેળવી. એ પછી આઈએએસ બનવા સુધી પહોંચ્યા. તેમનાં જીવનસાથી દિવ્યાબહેને તેમને કાયમ, દરેક સ્થિતિમાં સાથ આપ્યો. તેમને એક પુત્ર દુર્ગેશ, જે વિદેશમાં સ્થાયી થયા છે. પુત્રવધુ કાજલબહેન અને પૌત્ર ઓમકાર. તેમને હિમાલયનું ખેંચાણ રહેતું. જીવનસાથી સાથે તેમણે કૈલાસ માનસરોવરની યાત્રા પણ કરી હતી.

જનકલ્યાણ, અખંડ આનંદ, વિચારવલોણું, ગાંધીનગર સમાચાર વગેરેમાં એમના લેખ, કાવ્ય પ્રસિદ્ધ થતાં હતાં. તેમનાં પાંચ - છ પુસ્તક પ્રકાશિત થયાં છે. એક હાસ્યલેખનું પુસ્તક પણ પ્રકાશિત થયું છે. તેમણે ઘણાં બાળ કાવ્યો અને બાળ નાટકો પણ લખ્યાં છે. પુસ્તકો વાંચવાનો તેમને બેહદ શોખ હતો. અધ્યાત્મ ચિંતનથી લઈ અનેકવિધ વિષયોનાં પુસ્તકો વાંચતા. તેમણે મહેસાણા અને સુરેન્દ્રનગરના કલેકટર તરીકે પ્રસંશનીય કાર્યવાહી કરી હતી તો ગુજરાત જાહેર સેવા આયોગના સદસ્ય તરીકે પણ સુંદર કામગીરી કરી હતી. તેઓ મહેસૂલ, આરોગ્ય વિભાગ તેમજ સ્ટેમ્પ ડ્યૂટી વિભાગના નિયામક પણ રહ્યા હતા.

કોઈ ખુરશી તેમનામાં ગુમાન ભરી શકી નહોતી તો કોઈ હોદ્દો તેમની

સરળતાને ઓછી કરી શક્યો નહોતો. તેમણે ક્યારેક સરકારી હોદ્દા કે રૂઆબને પોતાના પર છવાવા દીધો નહોતો. સેવા અને સાદગી જ તેમનો જીવન મંત્ર રહ્યાં હતાં. કલેકટર હોવા છતાં તેઓ એસ. ટી. બસમાં મુસાફરી કરતા કે બજારમાં એક સામાન્ય માણસની જેમ ખરીદી કરતા જતા. પ્રજ્ઞાબહેન પટેલ સ્થાપિત આત્મન ફાઉન્ડેશન સાથે તેઓ વર્ષો સુધી જોડાયેલા રહ્યા. અનેક રચનાત્મક, સર્જનાત્મક અને યાદગાર કાર્યક્રમો કર્યા. ગાંધીનગરની સિનિયર સિટીઝન કાઉન્સિલ, જાગૃત નાગરિક પરિષદ વગેરે સંસ્થા સાથે પણ જોડાયેલા હતા. આત્મન ફાઉન્ડેશન, જાગૃત નાગરિક પરિષદ, કૈલાસ માનસરોવર યાત્રા સમિતિ જેવી સંસ્થાઓ સાથે જોડાઈને તેઓ રચનાત્મક પ્રવૃત્તિઓ કરતા હતા. મીઠું પકવતા અને હાડમારી ભોગવતા અગરિયાઓને મદદરૂપ થતા. અંતરિયાળ ગામોમાં મેડિકલ કેમ્પ ગોઠવવા કે નિરાધાર બાળકો કે વૃદ્ધોને પોતાના ઘરે બોલાવી સ્વહસ્તે ભોજન કરાવવું એ તેમના સેવામય જીવનનો એક ભાગ બની ગયો હતો. તેમણે પોતે ઓમકાર ટ્રસ્ટની પણ સ્થાપના કરી હતી. તેઓ પર્યાવરણ પ્રેમી હતા. પર્યાવરણ બાબતે કોઈ પણ સંસ્થાને આર્થિક મદદ કરવા તત્પર રહેતા. સેંકડો બાળકોના તો તેઓ વહાલા દાદા હતા. ગાંધીનગરની સેકટર-૧ ઉની ઝૂંપડપટ્ટી તો એમને દાદા તરીકે જ ઓળખે. વેકેશનનું ગીત હોય દિવાળી-ઉત્તરાયણનું, બાળકોની જીભે ચડી જાય, આનંદમાં આવી જાય એવાં ગીતો એમણે રચ્યાં અને ગવડાવ્યાં. છાપાંની પસ્તીમાંથી ટોપી કેમ બનાવવી તે બાળકોને શીખવતા. બાળકોની શક્તિઓને, બહાર લાવવા સફળ પ્રયાસ કરતા.

તેઓ કહેતા કે પુરુષાર્થથી જીવનમાં આગળ જરૂર વધી શકાય, પરંતુ સાચું સુખ તો સંતોષથી જ મેળવી શકાય અને પરમાર્થથી જ જીવનને ધન્ય બનાવી શકાય. ખરેખર તેમણે પોતાના જીવનને ધન્ય બનાવ્યું હતું.

તેમની સાથે કાર્ય કરનારા એચ. એન. ગામિત નિવૃત્ત સી.જી.એમ.(ફાય.) તેમનું સ્મરણ આદર સાથે કરે છે: સને ૧૯૮૮ના હિસાબી કેડર વર્ગ-૨ ના ૩૯ જેટલા સીધી ભરતીના તાલીમાર્થી તરીકે આઠ મહિનાની તાલીમના અંતે તાલીમાર્થી અધિકારીઓનો ડિટેઈલ પોસ્ટિંગનો એ દિવસ હતો. લાલ દરવાજાસ્થિત તાલીમ કેન્દ્રમાં સાંજે ખાતાના ઉચ્ચ અધિકારીશ્રીઓ ડિટેઈલ ઓર્ડરનું વિતરણ અધિકારીશ્રીઓને કરતા હતા. બધા તાલીમાર્થીઓને ઓર્ડરની ઉત્સુકતા હતી અને થોડી ચિંતા પણ હતી, કેમ કે ડાંગ-આહવા ખાતેની જિલ્લા તિજોરી અધિકારી વર્ગ-૨ ની જગા લાંબા સમયથી ખાલી હતી. પછાત ગણાતા ડાંગ જિલ્લામાં ખાસ કોઈ સગવડ નહીં, ચોમાસામાં રસ્તા પર સાપ ફરે, ભાડે રહેવા માટે કાચાં મકાનો મળે અને ભણતર કે આરોગ્યની કોઈ સુવિધા નહીં બધા ઈચ્છતા હતા કે ત્યાં પોસ્ટિંગ ન મળે તો સારું.

મને સૌથી છ